Wednesday
17.12.2025
*Volume :10 * Issue No.159
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

* Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 * Page :04 * Rs. 00.25/- * Annual Rs. 90/-

# પ્રધાનમંત્રી અને મહામહિમ રાજા અબ્દુલ્લા દ્વિતીયએ ભારત-જોર્ડન બિઝનેસ ફોરમને સંબોધન કર્યું

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને મહામહિમ રાજા અબ્દુલ્લા દ્વિતીયએઅમ્માનમાં ભારત-જોર્ડન બિઝનેસ ફોરમને સંબોધિત કર્યું. આ ફોરમમાં HRH ક્રાઉનપ્રિન્સ હુસૈન અને જોર્ડનના વેપાર અને ઉદ્યોગ મંત્રી અને રોકાણ મંત્રી પણ હાજરરહ્યા હતા મહામહિમ અને પ્રધાનમંત્રીએ બંને દેશો વચ્ચે વ્યાપાર-થી-વ્યવસાય સંબંધો વધારવાના મહત્વનેસ્વીકાર્યું અને બંને બાજુના ઉદ્યોગપતિઓને સંભાવનાઓ અને તકોને વિકાસ અને સમૃદ્ધિમાં રૂપાંતરિત કરવા હાકલકરી. મહામહિમએ નોંધ્યું કે જોર્ડનના મુક્ત વેપાર કરારો અને ભારતની આર્થિક શક્તિને જોડીને દક્ષિણ એશિયા અને પશ્ચિમ એશિયા અને તેનાથી આગળ આર્થિક કોરિડોર બનાવીશકાય છે. ફોરમને સંબોધતા, પ્રધાનમંત્રીએ નોંધ્યું કે જોર્ડન અને ભારત એક જીવંત સમકાલીન ભાગીદારી ધરાવે છે, જે તેમના ગાઢ સભ્યતા સંબંધોના મજબૂત માળખા પર બનેલ છે. તેમણે મહામહિમના નેતૃત્વનીપ્રશંસા કરી,જેમના નેતૃત્વ હેઠળ જોર્ડન બજારોઅને પ્રદેશોને જોડતો પુલ બની ગયો છે, જે વ્યવસાયઅને વિકાસને પ્રોત્સાહન આપેછે. પ્રધાનમંત્રીએ આગામી ૫ વર્ષમાં જોર્ડન સાથે દ્વિપક્ષીય વેપારને બમણો કરીને ૫ અબજ યુએસ ડોલર કરવાનો પ્રસ્તાવ મૂક્યો. ભારતની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા અને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાનીસફળતા પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતુંકે ભારતેજોર્ડન અને સમગ્ર વિશ્વમાં તેના ભાગીદારો માટે પુષ્કળ વ્યાપારિક તકો પ્રદાન કરીછે. તેમણે જોર્ડનની કંપનીઓને ભારત સાથે ભાગીદારી કરવા અને તેના ૧.૪ અબજ ગ્રાહક બજાર, તેનામજબૂત ઉત્પાદન આધાર અને તેના સ્થિર, પારદર્શક અને અનુમાનિત નીતિ વાતાવરણનો લાભ લેવા આમંત્રણ આપ્યું હતું. પ્રધાનમંત્રીએ કહ્યુંકે બંને દેશો વિશ્વ માટે વિશ્વસનીય સપ્લાય ચેઈન ભાગીદાર બનવા માટે હાથ મિલાવી શકે છે. ભારતીય અર્થતંત્રના ૮% થી વધુ વિકાસનો ઉલ્લેખ કરતા, તેમણે ભાર મૂક્યો કે આ ઉત્પાદકતા-સંચાલિત શાસન અને નવીનતા-સંચાલિત નીતિઓનું પરિણામ છે. પ્રધાનમંત્રીએ ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર,




અને હેરિટેજ અને સાંસ્કૃતિક પર્યટનના ક્ષેત્રોમાં બંને પક્ષો માટે વ્યાપારિક તકો પર પણ પ્રકાશ પાડ્યો. ભારતની ગ્રીન પહેલ વિશે બોલતા, પ્રધાનમંત્રીએ નવીનીકરણીય ઉર્જા, ગ્રીન ફાઈનાન્સિંગ, ડિસેલિનેશન અને વોટર રિસાયક્લિંગના ક્ષેત્રોમાં ભારત-જોર્ડન વ્યાપારિક સહયોગ વધારવાનું સૂચન કર્યું. ફોરમમાં માળખાગત સુવિધા, આરોગ્ય, ફાર્મા, ખાતર, કૃષિ, નવીનીકરણીય ઉર્જા, કાપડ, લોજિસ્ટિક્સ, ઓટોમોબાઈલ, ઊર્જા, સંરક્ષણ અને ઉત્પાદન ક્ષેત્રોમાંબંને દેશોના



આઈટી, ફિનટેક, હેલ્થ-ટેક અને એગ્રી-ટેક ક્ષેત્રોમાં ભારત-જોર્ડન વ્યવસાયિક સહયોગ માટેની તકો પર પણ પ્રકાશ પાડ્યો અને બંને દેશોના સ્ટાર્ટ-અપ્સને આ ક્ષેત્રોમાં હાથ મિલાવવા આમંત્રણ આપ્યું. તેમણે નોંધ્યું કે ફાર્મા અને તબીબી ઉપકરણો ક્ષેત્રોમાંભારતની શક્તિ અને જોર્ડનનો ભૌગોલિક લાભ એકબીજાનેપૂરકબનાવીશકેછે અને આ ક્ષેત્રોમાં પશ્ચિમ એશિયા અને આફ્રિકા માટે જોર્ડનને વિશ્વસનીય કેન્દ્ર બનાવી શકે છે. તેમણે કૃષિ, કોલ્ડ ચેઈન, ફૂડ પાર્ક, ખાતરો, માળખાગત સુવિધા, ઓટોમોબાઈલ, ગ્રીન મોબિલિટી વ્યાપારિક નેતાઓની ભાગીદારી જોવા મળી. પ્રતિનિધિમંડળમાં FICCI અને જોર્ડનચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિઓ પણ સામેલ હતા, જેમની પાસે બંને દેશો વચ્ચે વેપાર અને આર્થિક સહયોગને પ્રોત્સાહન આપવા માટે હાલના MoU છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનના ત્રણ વર્ષ : જન – જન સુધી પહોચી આરોગ્ય સેવા

**આ કાર્યક્રમ હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં બાળકોના આરોગ્યની સમસ્યાઓ શોધીને ૪૫ હજારથી વધુ હૃદય સંબંધિત સર્જરી-સારવાર, ૪,૧૪૯ કીડની સારવાર, ૨,૩૩૬ કલબફૂટ, ૧,૪૦૮ ક્લેફ્ટ લીપ પેલેટ તેમજ ૬૯૨ કેન્સર રોગની સારવાર અપાઈ**



કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમના કાર્યકાળના ત્રણ વર્ષ પૂર્ણ કર્યા છે. મુખ્યમંત્રીશ્રીએવડાપ્રધાન શ્રીનરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતની વિકાસયાત્રાને નવી ગતિ આપી છે. આ ત્રણ વર્ષ સેવા, સંકલ્પ અને સમર્પણના પ્રતીક બન્યા છે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન અને આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા નેતૃત્વમાં આજે આરોગ્યને લગતી જનકલ્યાણકારી યોજનાઓ છેવાડાનાં નાગરીકો સુધીપહોચી છે. જેનાભાગરૂપે છેલ્લા ત્રણ વર્ષમાં શાળા આરોગ્ય –રાષ્ટ્રીય બાળસ્વાસ્થ્ય કાર્યક્રમ થકી રાજ્યના ૪.૫ કરોડથી વધુ બાળકોએ આ યોજનાનો લાભ લીધો છે. આ યોજના હેઠળ રાજ્યમાં દર વર્ષે અંદાજિત સરેરાશ કુલ ૧ કરોડ ૮૯ લાખથી વધુ બાળકોની આરોગ્ય ચકાસણી કરીસ્થળ પર સારવાર કરવામાં આવે છે. આ ઉપરાંત જરૂરીયાતવાળા બાળકોનેસરકારી આરોગ્ય સંસ્થાઓ PHC-CHC-SDH, જિલ્લા હોસ્પિટલો, મેડિકલ કોલેજ અને હોસ્પિટલો તથા સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલો ખાતે રીફર કરીને તદન વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસન અંતર્ગત આયોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં બાળકોના આરોગ્યની સમસ્યાઓ શોધીને ૪૫ હજારથી વધુ બાળકોને હૃદય સબંધિત સર્જરી અને સારવાર, ૪,૧૪૯ કીડની સારવાર, ૨,૩૩૬ કલબફૂટ, ૧,૪૦૮ ક્લેફ્ટ લીપ પેલેટ, ૬૯૨ કેન્સર રોગનીસારવાર, ૭૫૧ કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્જરી, ૪૨ કીડની ટ્રાન્સપ્લાન્ટ, ૨૩ બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ તેમજ ૧૨ લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરવામાંઆવી છે. શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કક્ષાએ બાળકોના નિદાન, રિફર અને સારવાર માટે ગુજરાતમાં કુલ – ૨૮ ડીસ્ટ્રીક્ટ અર્લી ઈન્ટરવેશન સેન્ટર (DIEC) કાર્યરત કરવામાંઆવ્યા છે. વધુમાં રાજ્યમાં કુલ૯૯૨ આર.બી.એસ.કે મોબાઈલ હેલ્થ ટીમો કાર્યરત છે. આ ટીમો ૬ વર્ષ સુધીના આંગણવાડીના બાળકો, પ્રાથમિક શાળાના બાળકો, માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ તથા નવજાત શીશુથી ૧૮ વર્ષ સુધીનાશાળાએ નજતા બાળકોની આરોગ્ય તપાસ કરી સારવાર કરવામાં આવે છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યના તમામ ડીલીવરી પોઈન્ટ ખાતે દરેક નવજાત શીશુનું બર્થ ડીફેક્ટ સ્ક્રીનીંગ કરવામાં આવે છે. ઉપરાંત નવજાત શિશુથી ૬ વર્ષના આંગણવાડીના બાળકો, ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓ, ૧૮ વર્ષ સુધીનાશાળાએ જતાંઅને નજતાં બાળકોનું "૪ ડ્ઢ બર્થડીફેક્ટ, ડેવલપમેન્ટલ ડીલે, ડીસીઝ અને ડેફીસીઅન્સી માટે નિયમિત રીતે તમામ બાળકોની આરોગ્ય ચકાસણી અને સંદર્ભ સેવા દ્વારા સારવાર પુરી પાડવામાં આવે છે.

# અખિલ ભારતીય મુલ્કી સેવા લોન ટેનિસ ટુર્નામેન્ટ ૨૦૨૫-૨૬નો ગાંધીનગરથી શુભારંભ કરાવતા મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ

**ઓલિમ્પિક્સ, એશિયન અને કોમનવેલ્થ ગેમ્સ સહિત અન્ય સ્પર્ધામાં ખેલાડીઓ દ્વારા પ્રાપ્ત મેડલ એ ભારતનો આત્મવિશ્વાસ, પ્રતિબદ્ધતા અને વૈશ્વિક પ્રતિષ્ઠાનું પ્રતીક :- મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ**








**આગામી ૨૨ ડિસેમ્બર સુધી યોજાનાર ટુર્નામેન્ટમાં રાજ્ય- રાષ્ટ્રીય કક્ષાની મળીને કુલ ૨૮ ટીમોના ૨૬૬ ખેલાડીઓ સહભાગી થશે**

કમલમ્,

રાજ્યના મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસે ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય વહીવટીતંત્ર સચિવાલય વેલફેર કામિટી દ્વારા આયોજિત અખિલ ભારતીય મુલ્કી સેવા લોન ટેનિસ ટુર્નામેન્ટ ૨૦૨૫-૨૬નો શુભારંભ કરાવ્યો હતો. આ સ્પર્ધા જીમખાના સેકટર -૨૧ ખાતે તા.૧૬ થી ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન યોજાશે. મુખ્ય સચિવશ્રી એમ.કે.દાસેસૌ સિવિલ સર્વિસ સાથે જોડાયેલા ખેલાડીઓનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આવેલા અધિકારીઓને એકત્ર કરતોઆ રાષ્ટ્રીય રમતોત્સવ છે. જ્યાંઆપણેવિભાગીય જવાબદારીઓથી મહદઅંશે દૂર રહીને રમત-ગમત ક્ષેત્રે, અન્ય રાજ્યના અધિકારીઓ સાથે મિત્રતા અને શારીરિક તંદુરસ્તીની ભાવનાથીજોડાઈએ છીએ. મુખ્ય સચિવ શ્રી દાસે વધુમાં જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્ર મોદી જ્યારે દેશના વડાપ્રધાન બન્યા ત્યારે 'ખેલો ઈન્ડિયા' કાર્યક્રમ શરૂ કરવાની પ્રેરણા આપી હતી. 'ખેલો ઈન્ડિયા' પહેલ જમીનીસ્તરે યુવાનોને ખેલ પ્રત્યે પ્રોત્સાહન આપેછે, યુવાનોની ખેલપ્રતિભાનીઓળખ કરે છે અને યુવા ખેલાડીઓને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે સહાય કરે છે.

ખેલો ઈન્ડિયા જેવી અનેક પ્રતિયોગીતાનાપરિણામે રમત– ગમત ક્ષેત્રે દેશના ખેલાડીઓ વૈશ્વિક મંચ પર ઓલિમ્પિકસ, એશિયન ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સ સહિત દેશના વધતા મેડલ ટેલીમાં તેનો સ્પષ્ટ પ્રતિબિંબ આપણેસૌ જોઈ રહ્યા છીએ. દરેક મેડલ માત્ર એક ખેલાડીની જીત નથી, પરંતુ રમત-જગતમાં ભારતના વધતા આત્મવિશ્વાસ, પ્રતિબદ્ધતા અને વૈશ્વિક પ્રતિષ્ઠાનું પ્રતીક છે. વધુમાં મુખ્ય સચિવશ્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાત ઝડપથી રમત અને જીવંત સંસ્કૃતિનું નિર્માણ કરી રહ્યુંછે, જેથીતમામ ઉંમર અને વિસ્તારોના નાગરિકો માટે રમત-ગમત જીવનશૈલીનો એક અવિભાજ્ય ભાગ બનીગયો છે.

ખેલાડીઓ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૃષ્ટિપૂર્ણ નેતૃત્વ અને પ્રગતિશીલ નીતિઓ હેઠળ, ગુજરાતે આંતરરાષ્ટ્રીય સ્તરના સ્ટેડિયમ તથા તાલીમ કેન્દ્રો બનાવ્યા છે. ગુજરાતમાં દર વર્ષે યોજાયેલ ખેલ મહાકુંભના પરિણામે ગુજરાતના બાળકોમાં શાળા કક્ષાએથી રમત ગમત ક્ષેત્રે રુચિ વધી છે.

આ કાર્યક્રમે રાજ્યમાં રમત-ગમતને જનઆંદોલન બનાવ્યું છે. આ પ્રસંગે અખિલભારતીય મુલ્કીસેવાલોન ટેનીસ ટુર્નામેન્ટના કન્વીનર શ્રી રાહુલે જણાવ્યુ હતું કે, આ રાષ્ટ્રીય કાર્યક્રમનું યજમાનપદ સ્વીકારવા અને શ્રેષ્ઠ વ્યવસ્થા કરવા બદલ હું રાજ્ય સરકારનો આભાર માનું છું.

આ વર્ષની ટુર્નામેન્ટ ખાસ મહત્વની છે કારણ કે અમે પ્રથમ વખત મહિલા ટીમ ચેમ્પિયનશિપનો પ્રારંભ કર્યોછે.

આ મહત્વપૂર્ણ પગલું રમતગમતમાં સર્વસમાવેશકતા, સમાનતા અને સમાન તકો પ્રત્યેની અમારીસામૂહિક પ્રતિબદ્ધતાદર્શાવે છે. આ પહેલ વધુને વધુ મહિલાઓની ભાગીદારીને પ્રોત્સાહિત કરશે અને સિવિલ સર્વિસીસમાં મહિલા માટે રમત-ગમત ક્ષેત્રે મજબૂત પાયો નખાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અખિલ ભારતીય મુલ્કી સેવા લોન ટેનિસ ટુર્નામેન્ટ ૨૦૨૫-૨૬માં જુદા –જુદા રાજ્યો અને કેન્દ્રશાસિતપ્રદેશો મળીને કુલ ૨૮ ટીમો જેમાં ૧૮૭ પુરુષ અને ૭૯ મહિલા ખેલાડીઓ મળીને કુલ ૨૬૬ ખેલાડીઓ સહભાગી થયા છે.

આ કાર્યક્રમમાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના કમિશનર શ્રી આલોકકુમાર પાંડે, પ્રોટોકોલ અધિક સચિવ શ્રી જવલંત ત્રિવેદી, ડાયરેકટર જનરલ સ્પોર્ટ્સ ઓથોરીટીઓફ ગુજરાત શ્રી સંદીપ સાંગલે, અખિલ ભારતીય મુલ્કી સેવા લોન ટેનિસ ટુર્નામેન્ટના આયોજક સચિવ શ્રી સત્કાર દેસાઈ, માર્ગ અને મકાન વિભાગના સચિવ શ્રી પી.આર. પટેલીયા, ગાંધીનગરના કલેક્ટર શ્રી મેહુલ દવે, ગાંધીનગરના મ્યુનિસિપલ કમિશનર શ્રી જે.એન.વાઘેલા, ચીફ રેફરી શ્રી એન્ટોન ડિસોઝા સહિત વિવિધ રાજ્યોના ખેલાડીઓ અને કોચ ઉપસ્થિત રહ્યા હતા.

